PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૫/ક્વા–૦૨/૧૮–૧૯/ 9662 (3) તા. 24-10-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
અલ્કાબેન દોમડીયા –
અરજદાર તરીકે કૌશિકભાઈ વી. દોમડીયા,
જે –૪૦૧, આવકાર સીટી,
વાવડી–૩૬૦૦૦૪
મો: ૮૦૦૦૨૨૨૫૫૭

વિષય :–નામ બદલી બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૦–૦૯–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૫૫/ક્વા–૦૨/૧૮–૧૯)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ

... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વાવડી (અર્બન) પેટા વીભાગીય કચેરી, રાજકોટ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૫૫/કવા–૦૨/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૧૨–૧૦–૧૮ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: અલ્કાબેન દોમડીયા – અરજદાર તરીકે કૌશિકભાઈ વી. દોમડીયા, ગામ: રાજકોટ**

**રજુઆત કરનાર: અરજદાર વતી તેમના પ્રતિનીધી તરીકે તેમના પુત્ર કૌશિકભાઈ વી. દોમડીયા હાજર રહેલ છે.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : વાવડી (અર્બન) પેટા વીભાગીય કચેરી, રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)**

**રજુઆત કરનાર :ડી.ડી.શીંગરાખીયા – નાયબ ઈજનેર વાવડી (અર્બન) પેટા વીભાગીય કચેરી, રાજકોટ**

## : હુકમ :

**ફરીયાદ : નામ બદલી બાબત**

**મુદ્દા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧. | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદ્દાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓએ આવકાર સીટી એ બિલ્ડિંગમાં ૫૦૩ નંબરનો ફ્લેટ તારીખ 18 7 18 ના રોજ થી ખરીદેલ છે જે ફ્લેટ અમીધારા ડેવલોપર્સ પાસેથી ખરીદેલ છે. અમીધારા ડેવલોપર્સ ના નામથી ગ્રાહક નં. – ૩૪૫૧૪/ ૦૫૬૦૨/ ૨ ના પૈસા બાકી હોય – પીજીવીસીએલ દ્વારા – અમીધારા ડેવલોપર્સ ના નામના બાકી લેણા ના કારણે સદર મીટર ઉતરી ગયેલ છે. સદર બાબતે સદર વીજજોડાણ નામ બદલી સાથે ચાલુ કરવા માટે વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ કાર્યવાહી થયેલ નથી તેમજ જોડાણ પેટે તેઓએ રૂપિયા પણ ભરી આપેલ છે આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨. | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવેલ કે, અરજદાર શ્રી અત્રેની કચેરી નીચે આવતા વાવડી અર્બન સબ ડીવીઝનના વિસ્તારમાં આવેલ આવકાર સીટી ફ્લેટ નંબર-૫૦૩ ના માલિક અરજદાર અલ્કાબેન દોમડીયા દ્વારા તેઓના વીજ કનેક્શન નંબર:૩૪૫૧૪૦૫૬૦૨૨ માં નામ બદલી કરવા બાબત ની ફરિયાદ ફોરમ સમક્ષ કરેલ છે.<br>જે અનુસંધાને પીજીવીસીએલ તરફથી જણાવેલ કે વીજ કનેક્શન નંબર:૩૪૫૧૪૦૫૬૦૨૨ RGPU કેટેગરી અમીધન ડેવલોપર્સ ના નામે તા.૧.૩.૨૦૧૬ થી રીલીઝ કરવામાં આવેલ હતું જેમાં વીજ બીલ ની રકમ રૂ.૧૩૪૮.૧૪ ભરપાઈ ન થવાના કારણે કંપનીના નિયમાનુસાર વીજ જોડાણ નું મીટર તા.૦૪.૧૧.૨૦૧૭ ના રોજ ઉતારી X –સ્ટેટસ વાવડી સબડીવીઝન દ્વારા કરવામાં આવેલ આમ, સદર કનેક્શન કાયમી ધોરણે રદ થઇ ગયેલ છે જેની બાકી રકમ તા.૭.૭.૧૮ ના રોજ ભરપાઈ થઇ ગયેલ છે અને અરજદાર દ્વારા તેઓના ફ્લેટ નંબર-૫૦૩ માં નિયમાનુસાર નવું વીજ જોડાણ લેવા માટેની અરજી તા.૮.૮.૧૮ ના રોજ આપવામાં આવેલ છે. સદર અરજી ના કેસ પેપર વાવડી અર્બન સબ ડીવીઝન દ્વારા ચકાસતા નીચે મુજબ ની હકીકત જણાયેલ છે. વાવડી અર્બન સબડીવીઝન ના વિસ્તાર માં આવેલ આવકાર સીટી ગામ-વાવડી, જેના માલિક અમીધન ડેવલોપર્સ, ભાગીદારી પેઢી ના નામે ભૂતકાળ માં વીજ કનેક્શનો રીલીઝ કરવામાં આવેલ |

છે. જેના ભાગીદારો જયંતીલાલ પરસોતમભાઈ ભાલાળા તથા અન્ય હતા. જેઓએ વાવડી અર્બન સબડીવીઝન માં તમામ ફ્લેટોમાં વીજ કનેકશનો માંગેલ ત્યાર બાદ તમામ ફ્લેટો નું વેચાણ થઇ ગયેલ પરંતુ તમામ ફ્લેટો માં નામ બદલીની કાર્યવાહી કરાવેલ નથી. જેથી અમુક ફ્લેટોમાં વીજ બીલ નિયમિત ભરાયેલ નથી જે કનેકશનોના વીજ જોડાણ કપાત કરી D-સ્ટેટસ તથા X-સ્ટેટસ આપવામાં આવેલ છે જેની બાકી રકમ આજ દિન સુધી ભરાયેલ નથી.

૨. ઉપરાંત કંપની ના નિયમાનુસાર બીલ ભરવાની જવાબદારી ગ્રાહકની હોય છે જે અમીધન ડેવલોપર્સ ના ભાગીદારો દ્વારા બીલ ની રકમ ભરપાઈ કરવામાં આવેલ નથી, જગ્યા પર જુના ગ્રાહકના બાકી લેણા નીકળતા હોય સદર અરજદાર અલ્કાબેન દોમડીયાની અરજીની કાર્યવાહી થઇ શકેલ નથી જેની સંપુર્ણ માહિતી અરજદારને વાવડી અર્બન સબડીવીઝન દ્વાર રૂબરૂ બોલાવી આપેલ છે.

૩. કંપનીના N-PDC એરીયર્સ વસુલાતના ભાગ રૂપે તથા નિયમાનુસાર કનેક્શન આવકાર સીટી માં અમીધન ડેવલોપર્સ ના નામે બાકી લેણા નીકળતા હોય નામ બદલી તથા નવા વીજ કનેકશનો ની કાર્યવાહી તમામ અરજદારોની જાણ હેઠળ અટકાવવામાં આવેલ છે.

વધુમાં જણાવવાનું કે વાવડી અર્બન સબડીવીઝન દ્વારા અમીધન ડેવલોપર્સને તથા ભાગીદારોને સદર બાબતે બીલ ભરવા લેખિત જાણ કરવામાં આવેલ છે આમ છતાં તેઓ દ્વારા બીલ ની રકમ ભરપાઈ થયેલ નથી જે રકમ ભરપાઈ થયેથી તમામ આવકાર સીટી ફ્લેટ ઓનર્સ એશોસિયેશન હેઠળ ના વીજ જોડાણોમાં નામ ટ્રાન્સફર તેમજ નવા જોડાણોની કાર્યવાહી હાથ ધરવા માં આવશે.

**૨.૨** **ફોરમ કમિટી મીટીગઃ તા. ૧૨–૧૦–૧૮ માં – ફોરમ કમિટી દ્વારા કરાયેલ સુચના મુજબ – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા શહેર વિભાગીય ક્ચેરી નં ૩ રાજકોટ ના ઈમેઈલ તા.૨૨–૧૦–૧૮ મા જણાવ્યા મુજબની વિગત નીચે મુજબ છે.**

1. Arrears of the applicant Alkaben Domadiya have verified for the Vavdi Urban Sub division only and according that there is no arrears pending against the applicant Alkaben Domadiya. Further, the sub division office has not verified the arrears/ outstanding of the applicant in other area of PGVCL.
2. At the time of application by the applicant Alkaben Domadiya, there was a arrears in the **stated premises i.e. flat no: 503 Building-A in the name of Amidhan Developers (consumer No34514/056022/2) of Rs.1348.14 and same has been paid on Date 07.07.2018.** Here we would like to state that there are other arrears in the name of Amidhan Developers in the same building or other buildings.
3. The applicant has applied for the New Connection at the flat no: 503 Building-A and this is not a reconnection or name transfer. Further more as per the GERC Supply code section **4.30 the new connection application has been denied as outstanding arrears of the previous owner Amidhan Developers.**

**મુદ્દા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

**૩** ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે.

**૩.૧** અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા ન. ૨.૧ મુજબ ની વિગતે, આવકાર સીટી એ બિલ્ડિંગમાં ૫૦૩ નંબરનો ફ્લેટ તારીખ 18.07.18 ના રોજ થી ખરીદેલ છે જે ફ્લેટ અમીધારા ડેવલોપર્સ પાસેથી ખરીદેલ છે.

વીજ કનેક્શન નંબર:૩૪૫૧૪૦૫૬૦૨૨ RGPU કેટેગરી અમીધન ડેવલોપર્સ ના નામે તા.૧.૩.૨૦૧૬ થી રીલીઝ કરવામાં આવેલ હતું જેમાં વીજ બીલ ની રકમ રૂ.૧૩૪૮.૧૪ ભરપાઈ ન થવાના કારણે કંપનીના નિયમાનુસાર વીજ જોડાણ નું મીટર તા.૦૪.૧૧.૨૦૧૭ ના રોજ ઉતારી X –સ્ટેટસ કરવામાં આવેલ આમ, સદર કનેક્શન કાયમી ધોરણે રદ થઇ ગયેલ છે

| | |
|---|---|
| | સદર કનેક્શન ની બાકી રહેતી રકમ અરજદાર દ્વારા તા.૭.૭.૧૮ ના રોજ ભરપાઈ થઇ ગયેલ છે અને અરજદાર દ્વારા તેઓના ફ્લેટ નંબર-૫૦૩ માં નિયમાનુસાર નવું વીજ જોડાણ લેવા માટેની અરજી તા.૮.૮.૧૮ ના રોજ આપવામાં આવેલ છે.<br><br>કંપની ના નિયમાનુસાર બીલ ભરવાની જવાબદારી ગ્રાહકની હોય છે જે અમીધન ડેવલોપર્સ ના ભાગીદારો દ્વારા બીલ ની રકમ ભરપાઈ કરવામાં આવેલ નથી, જગ્યા પર જુના ગ્રાહકના બાકી લેણા નીકળતા હોય સદર અરજદાર અલ્કાબેન દોમડીયાની અરજીની કાર્યવાહી થઇ શકેલ નથી. કંપનીના N-PDC એરીયર્સ વસુલાતના ભાગ રૂપે તથા નિયમાનુસાર કનેક્શન આવકાર સીટી માં અમીધન ડેવલોપર્સ ના નામે બાકી લેણા નીકળતા હોય નામ બદલી તથા નવા વીજ કનેકશનો ની કાર્યવાહી તમામ અરજદારોની જાણ હેઠળ અટકાવવામાં આવેલ છે. |
| **૩.૨** | નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં. ૪.૩૦ મા કરાયેલ જોગવાઈ મુજબ "An application for new connection. reconnection, addition or reduction of load, change of name or shifting of service line for any premises need not be entertained unless any dues relating to that premises or any dues of the applicant to the Distribution Licensee in respect of any other service connection held in his name anywhere in the jurisdiction of the Distribution Licensee have been cleared. Provided that in case the connection is released after recovery of earlier dues from the new applicant and in case the licensee, after availing appropriate legal remedies, get the full or part of the dues from the previous consumer/owner or occupier of that premise, the amount shall be refunded to the new consumer/owner or occupier from whom the dues have been recovered after adjusting the expenses to recover such dues." |
| **૩.૩** | સદર કેઈસ મા, ઉપરોકત બાબતે પીજીવીસીએલ પક્ષકાર ના જણાવ્યા મુજબ મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે – અરજદાર ( અલ્કાબેન દોમડીયા) દ્વારા ફલેટ નં.–૫૦૩ બીલ્ડીગ–એ મા નવા વીજજોડાણ માટે ની અરજી કરેલ છે. સદર જગ્યામાં પીજીવીસીએલ નુ – સદર અરજદાર નુ કોઈલેણુ બાકી નથી. જે અનુસંધાને – ઉપરોકત મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતે – જે તે જગ્યાનું કોઈ લેણી રકમ બાકી ન હોય – સદર અરજદાર ની નવા વીજજોડાણ મેળવવા માટે ની અરજી ની કાર્યવાહી GERC'S Notification No. 4 of 2015, Supply code section **4.30** અન્વયે ખોટુ અર્થઘટન કરી અટકાવી શકાય નહી. આમ, પીજીવીસીએલ પક્ષકારને સદર અરજદાર ની નવા વીજજોડાણ મેળવવા માટે ની અરજી ની નિયમાધીન સત્વરે કાર્યવાહી કરવા માટે નો આદેશ આપવા બાબતે નો, તેમજ થયેલ કાર્યવાહી ની જાણકારી ફોરમ ને દિન–૦૭ આપવાનો પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. તેમ, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૩ મુજબ ની વિગતેની કાર્યવાહી કરવાની પીજીવીસીએલ પક્ષકાર ને જાણકારી આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ: જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.